SWEET AN SOR
Prop. : Rayshi Bachubhai & Co.
વિદેશ ભણવા જતા લોકો તથા વિદ્યાર્થીઓ માટે
ડીહાયડ્રેટેડ ફુડ પેકેટ્સ (રેડી ટુ ટેક) ફુડ મળશે
મોતીમહલ, કામાલેનની સામે, એમ.જી.રોડ,
ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ-૮૬. ફોન : 25103759


# વોઈસ ઓફ ઘાટકોપર

વર્ષ : ૯ • અંક : ૩૩ • સળંગ અંક : ૩૬૫ • મુંબઈ • શુક્રવાર • તા. ૧૫ સપ્ટેમ્બર – ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૭ • પાના : ૮ • કિંમત રૂા.૨


## વોઈસ ઓફ ઘાટકોપરની સત્યમ શોપીંગ સેન્ટર ખાતેની ઓફિસના શુભારંભ નિમિત્તે

## નગરસેવક પરાગ શાહ, નગરસેવિકા બિંદુ ત્રિવેદી અને ઉદ્યોગપતિ ચંદ્રેશ પારેખની શુભેચ્છા મુલાકાત

### લાયન્સ ક્લબનાં શતવાર્ષિક ઉજવણી નિમિત્તે જંબો અમ્બ્રેલાનું વિમોચન કરાયું




વોઈસ ઓફ ઘાટકોપરની નૂત્તન ઓફિસ પ્રખ્યાત બિઝનેસહબ સત્યમ શોપીંગ સેન્ટર ખાતે શરૂઆત થઈ તે નિમિત્તે ભાજપાનાં પ્રખ્યાત નગરસેવક અને બિલ્ડર શ્રી પરાગ શાહ, નગરસેવિકા શ્રીમતી બિંદુ ત્રિવેદી તથા ઉદ્યોગપતિ ચંદ્રેશ પારેખએ વિશેષ શુભેચ્છા મુલાકાત લીધી હતી. બુધવાર તા.૧૩ સપ્ટેમ્બરનાં આયોજિત વિશેષ કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા તે પ્રસંગે સેન્ટેનિયઅલ અમ્બ્રેલાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ ઘાટકોપર ગેલેક્સીનાં સંગીતા કાસલીવાલ દ્વારા શરૂ કરાયેલ જંબો છત્રી વિતરણ પ્રોજેક્ટને રાષ્ટ્રીય સ્તરે (અનુસંધાન અને ફોટો ૪થા પાને)


દરેક જાતના મ્યુઝિકલ પ્રોગ્રામ માટે...
• સંગીત સંધ્યા
• લગ્નગીત
• મહેંદી
• દાંડિયા રાસ
• પ્રાર્થના/ભજન
• ઈન્સ્ટ્રુમેન્ટલ

ભક્તિ આસાની (Radio Artist)
9821550829 · 022-67989592
Website : www.bhaktiasani.com

પંચગની હવા ફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4

## બૅડ ન્યુઝ : ઘાટકોપરમાં આ વર્ષે પણ નવરાત્રી નહી યોજાય

## ગુડ ન્યુઝ : ઘાટકોપરમાં ફાલ્ગુની પાઠક અને ઓસ્માન મીરના બે દિવસના દાંડીયા રાસ






(વધુ અહેવાલ માટે વાંચો પાના નં.૩)

H.E.R.I. CLINIC – GHATKOPAR BALKANJI BARI
FREE HOMOEOPATHIC CAMP
Saturday, 7th October 2017 from 9am - 1pm

HOMOEOPATHY FOR ALL
CHRONIC ALLERGIES - ASTHMA - ARTHRITIS - ECZEMA - PSORIASIS - ACNE - EPILEPSY - SINUS
HORMONAL IMBALANCE - PCOS - THYROID - DIABETES - MIGRAINE - SPONDYLOSIS - I B S -FUNGUS
CONSTIPATION - ACIDITY - GASTRITIS- ULCERS - LOW IMMUNITY - MULTIPLE SCLEROSIS - CANCER
ADHD - AUTISM - DYSLEXIA - DEPRESSION - SCHIZOPHRENIA - BIPOLAR DISORDERS - ADDICTIONS
abuse & addictions
ENGULFING MIND ENDANGERING LIFE ENSLAVING MANKIND

FREE AWARENESS PROGRAM FOR ALL
— Types of Addictions like Alcohol, Tobacco, Drugs, Gambling, Shopping, Food, Internet, Online games, Social media, Selfie, Pornography etc. — Consequences of addictions — Addictive Personality — Simple ways to Prevent, Identify and Manage people with addictions.
Saturday, 7th October 2017 at 3 - 4 pm
HOMOEOPATHIC CONSULTANTS AND PSYCHIATRIST
• Dr Kishore Mehta • Dr Vaktapuria • Dr Mitesh Kothari • Dr Satish Gala • Dr Krishna • Dr Monika
Bal-bhavan, Ground floor hall, Balkanji bari road, opp. Rajawadi garden, Ghatkopar (east), Mumbai
Registration compulsory – Call Dr Krishna Rughani 9967687795 / Dr Monika 9819039157

# ક્લાસિફાઈડ્સ

## આરોગ્ય

માંદા માણસોની સંભાળ રાખવા, તેમજ નર્સ, વોર્ડ બોય, આયા પણ મળશે. દિવસ રાત્ર ૮,૧૨,૨૪ કલાક સેવા માટે સંપર્ક કરો. **ઉષા ખરાત - 9833266380, 9769672467** (6142/392)

## જગ્યા સંબંધી

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**

**ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે**

**ચિંતન દેસાઈ**
**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**
**9321234567**

**કચ્છમાં પ્લોટો વેચવાના છે**
દયાપર તા.લખપત ઊમીયાનગરમાં રહેણાંકના તથા હાઈવે પર સરદાર લોજ પાસે દુકાન માટે. **મહેન્દ્ર ઠક્કર - 9821556265**(6143-365)

## શૈક્ષણિક

**Talent Mantra**
**Ghatkopar (East)**
ABACUS, Hand Writing Art & Craft, Drawing, Calligraphy, Vedic Maths, Career Counseling, DMIT Mid Brain Activations. **Contact : 9987259335** (CH-6119)

DAYAL PHOTO
Photography & Videography
Dhananjay
Email: dhananjay.photo@gmail.com
Cell: 9619241212

## ધંધાકારી

**સોસાયટી ઈલેક્ટ્રીક બોર્ડ વાયરીંગ,** ચેન્જ ઓફ નેમ, કરેક્શન ઓફ એડ્રસ ઈન રીલાયન્સ, ટાટા પાવર, રેશનીંગ કાર્ડ, મહાનગર ગેસ વગેરે. ઘાટકોપર - ચેમ્બુર (ઈસ્ટ અને વેસ્ટ).
**C.K. Lala**
**98195 49491**
**99209 90083**

Refill all brands and models of inkjet and laser printer cartridge and all types of printer repairing and toner amc **Contact +919867902667/ 7303457823.** Pant Nagar, Ghatkopar (E) Mumbai - 400 075. (R-Bal)

We Provide Office Stationary Printing Like Visiting Cards, Letter Head Envelops, Bills, Challan, Voucher etc... **Contact : Chintan Graphics: 25084463/ 64/65, 9821154326**

ગ્રાફીક ડિઝાયનીંગ તથી ડી.ટી.પી.મલ્ટીકલર કેટલોગ, ફ્લાયર, પોસ્ટર, કમ્પ્યુટર સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી, વિઝીટીંગ કાર્ડ, લેટર હેડ, એનવેલપ, બીલ, ચલન તથા દરેક જાતના ગુજરાતી, હિન્દી, મરાઠી તથા અંગ્રેજીમાં ગ્રાફીક ડિઝાયનીંગ તથા ડી.ટી.પી.નું કામ વ્યાજબી ભાવે ત્વરીત કરી આપવામાં આવશે. **ચિંતન ગ્રાફિક્સ -** ઘાટકોપર (ઈસ્ટ) : **98211 54326, 9833664426**

**Computer Class**
**Ghatkopar (East)**
MS Office, Tally Rs.1500, Photoshop, Corel Rs. 2000, Autocad Rs. 5000, ICT Rs.3000. **Chintan Sir - 80975 09493** (6125-378)

# દર શુક્રવાર આપને દ્વાર વોઈસ ઓફ ઘાટકોપર

## લગ્ન સબંધી ક્લાસિફાઈડ જાહેરાત

## તદ્દન નિશુલ્ક

આજના સમયમાં દરેક માતા-પિતાને પોતાના પુત્ર-પુત્રીઓ માટે યોગ્ય જીવનસાથી મળે તે માટેની સમસ્યા સતાવી રહી છે સમાજનાં આ જ્વલંત પ્રશ્નનો ઉકેલ લાવવા વોઈસ ઓફ ઘાટકોપર એક અનોખો પ્રયાસ કરી રહ્યું છે. વોઈસ ઓફ ઘાટકોપરમાં લગ્ન સંબંધી જાહેરાતો તદ્દન નિશુલ્ક પ્રકાશિત કરવામાં આવશે. વધુ માહિતી માટે નીચેના સ્થળ ઉપર સંપર્ક કરવા વિનંતી.

## મરણનોંધ તેમજ શ્રદ્ધાંજલિ

## તદ્દન નિશુલ્ક

ઘાટકોપરના રહેવાસીઓને તેમના સ્વજનોની મરણનોંધ તેમજ શ્રદ્ધાંજલિની ૪૦ સે.મી. ની જાહેરાત તદ્દન નિઃશુલ્ક પ્રકાશિત કરવામાં આવશે વધુ માહિતી માટે નીચેના સ્થળની મુલાકાત લેશો

**વોઈસ ઓફ ઘાટકોપર ઓફિસ એડ્રસ :**
**એ-૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.**


**ELECTRICIAN & GAS**
Do Your Society Need Rewiring Meter Cabin Three Phase Connection. Name Change Electric Mahanagar Gas
**Mob.: 9819088826**
(6123/372)

**મરણનોંધ માટે**
સંપર્ક : ૯૮૬૯૦૩૮૦૯૫
૯૦૨૨૨૭૯૬૮૪

## બહેનશ્રીના વચનામૃત

### - સંકલન વિજય બોટાદરા

● અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદભાવો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'અ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બહું છુટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહી, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.






**આપણો સલાહકાર કોણ છે તે ખુબ જ મહત્વનું છે કારણકે... દુર્યોધન શકુનીની સલાહ લેતો હતો અને અર્જુન શ્રી કૃષ્ણની**

**હિરાલાલ હરીયા**
**મો.: 9870458808**





# એમ.જી.રોડ સત્યમ શોપીંગ બહાર નો-પાર્કિંગમાં વર્ષોથી પાર્ક થતી એનજીઓની બસ વિરુદ્ધ પગલાં ભરવા માંગ



એમ.જી.રોડ જેવા સાંકળા રોડ પર સત્યમ શોપીંગ સેન્ટરની બહાર નો-પાર્કિંગમાં હેલ્પીંગ હેન્ડ એનજીઓની બસ પાર્ક થતી હોવાની સ્થાનિ કોએ ફરિયાદ કરી હતી. ટ્રાફિક વિભાગને કરેલ આ ફરિયાદ બાદ પણ કોઈ પગલાં ભરાયાં ન હતાં. એનજીઓનાં ટ્રસ્ટી અને સ્થાનિક રહેવાસી ગીતા અડવાણીને આ અંગે પૂછતાં તેમણે વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું હતું કે આ બસ બ્રેસ્ટ કેન્સર અવેરનેસ તેમજ ચેકઅપ માટે વપરાય છે, આ અંગે ટ્રાફિક વિભાગ પરવાનગી પણ મળેલ છે. જોકે ટ્રાફિક વિભાગને તેમનાં વ્હોટ્સએપ નંબર પર ફરિયાદ કરાતાં તેમણે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. અહીં નો-પાર્કિંગનું બોર્ડ લગાડવામાં આવેલ તે પણ આ બસ પાર્કિંગ સમયે જ તુટી ગયેલ છે તેમ એક રહેવાસીએ જણાવ્યું હતું. ઘાટકોપર એમ.જી.રોડ પર વોડાફોન ગેલેરી સીગ્નલને અડીને આવેલ છે તે છતાં અહીં મોટા પાયે ગેરકાયદે પાર્કિંગ થાય છે જેના વિરુદ્ધ પણ સખત કાર્યવાહીની આવશ્યક્તા છે.




# બૅડ ન્યુઝ : ઘાટકોપરમાં આ વર્ષે પણ નવરાત્રી નહી યોજાય

# ગુડ ન્યુઝ : ઘાટકોપર ગુજરાતી સમાજ દ્વારા ફાલ્ગુની પાઠક અને ઓસ્માન મીરના બે દિવસના દાંડીયા રાસ (પહેલા પાનેથી ચાલુ)

ગત વર્ષની જેમ આ વર્ષે પણ ઘાટકોપરમાં પ્રોફેશનલ ધોરણે યોજાતી નવરાત્રી યોજાવાની નથી પણ ઘાટકોપરવાસીઓ માટે નવરાત્રીની ખોટ પુરવા માટે ઘાટકોપર ગુજરાતી સમાજ દ્વારા કીંગ ઓફ દાંડીયા ઓસમાન મીર સાથે હનીફ અસલમ અને ક્વીન ઓફ દાંડીયા ફાલ્ગુની પાઠકની બે દિવસીય દાંડીયા રાસનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તેમ ઘાટકોપર ગુજરાતી સમાજના જીતેન્દ્રભાઈ મહેતાએ વોઈસ ઓફ ઘાટકોપરને વિશેષ મુલાકાતમાં જણાવ્યું હતું.

આ ઉપરાંત ઘાટકોપરવાસીઓ માટે નવરાત્રી દરમ્યાન થાણા ખાતે આસર ગ્રુપ અને જીતો દ્વારા આયોજિત રાસરંગ ૨૦૧૭ જેમાં નૈતિક નાગડા અને ટીમ નવરાત્રીની રમઝટ બોલાવશેનું શ્રેષ્ઠ ઓપ્શન છે. ઘાટકોપરવાસીઓ મુલુંડમાં પણ યોજાતી પ્રેરણા રાસ નવરાત્રીમાં જોડાઈ શકે છે. પ્રેરણા રાસ દ્વારા છેલ્લા ૯ વર્ષથી મુલુંડમાં શ્રેષ્ઠ આયોજન કરવામાં આવે છે. ઘાટકોપરના જેજેસી સેન્ટરો દ્વારા સહારા સ્ટાર ખાતે નવરાત્રીના પ્રથમ તથા દ્વિતીય દિવસે સેન્ટરના મેમ્બરો માટે નવરાત્રીમાં જોડાવાનું આયોજન કરેલ છે તેવા સમાચારો આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યા છે.


પરમયાત્રા સેવા (વાહિની)

સ્વજનના મૃતદેહને અગ્નિસંસ્કાર માટે
સ્મશાને લઈ જવા માટે A.C. વેનની નિઃશુલ્ક સુવિધા

સંપર્ક

પારસધામ - અર્હમ યુવા સેવા ગૃપ ઘાટકોપર

9699996672,
25015152, 25015354


# પાવનધામ - કાંદિવલીના પ્રાંગણે માનવતાની મહેંક સાથે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની દિવ્યતા પ્રસરશે

પાવનધાન કાંદિવલીના પ્રાંગણે આગામી ૨૪ સપ્ટે.૨૦૧૭ના રવિવારે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.નો ૪૭મો જન્મોત્સવ અવસર માનવતા, જીવદયા અને સાધર્મિક સહાયતના સતકાર્યો સાથે ઉજવાશે.

આ અવસરે રાષ્ટ્રસંત પૂજ્યશ્રીના શ્રીમુખેથી મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સિદ્ધિદાયક જપસાધનાનો બ્રહ્મનાદ વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવશે.

રાષ્ટ્રસંત પૂજ્યશ્રીને જન્મોત્સવના વધામણા અર્પવા તથા માનવતાના મહાયજ્ઞની અનુમોદના કરવા, એમાં સહભાગી થવા સમસ્ત ભારતના શ્રી જૈન સંઘો, શ્રેષ્ઠીવર્યો, રાજપુરુષો, ઉદ્યોગપતિઓ, અગ્રણી મહાનુભાવો, જીવદયા સંસ્થાઓના અનેક પદાધિકારીઓ, દેશ-વિદેશના હજારો ગુરુભક્તો અને વિશાળ સંખ્યામાં ભાવિકો પધારશે અને પાવનધામની પાવનતાને પ્રસારિત કરવા મહાવીર નગરથી પાવનધામ આવતાં માર્ગને પાવનધામ માર્ગને નામકરણ કરવામાં આવશે એમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વોર્ડ નં.૧૩૦ ઘાટકોપરમાં આરોગ્ય શિબીર



ગત સોમવાર તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બીએમસીના સહયોગથી તથા ભાજપના નગરસેવિકા શ્રીમતી બિંદુ ત્રિવેદીના વિશેષ પ્રયત્નોથી કિરોળ વિસ્તારમાં મેગા આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં મહિલા-બાળકો તથા અન્ય સ્થાનિકોએ લાભ લીધો હતો. ઉપરોક્ત શિબિરમાં ભાજપનાં વોર્ડ નં.૧૩૦ના અધ્યક્ષ સંજય પારેખ, વરિષ્ઠ પદાધિકારી ભરત લખપતવાલાનો વિશેષ સહયોગ રહ્યો હતો તેમજ સંયોજન વરિષ્ઠ પદાધિકારી એડવોકેટ યુવરાજ ખૈરનારે કર્યું હતુ.

# બ્રહ્માકુમારી ઘાટકોપર સબઝોન દ્વારા 'ચૈતન્ય નવદુર્ગા' ની અનોખી ઝાંકીના દર્શન તથા 'રાજયોગ મેડીટેશન

| તારીખ | દિવસ | નિમંત્રણ |
|---|---|---|
| ૨૧/૯/૧૭ | ગુરુવાર | મિડિયા, ન્યુઝપેપર, મેગેઝીન, રેપોરટર , કેબલ ચેનલ, પ્રિન્ટ મીડિયા, ઈલેકટ્રોનીક મિડિયા, ફોટોગ્રફેર્સ, આઈટી પ્રોફેસનલ, રેડીઓ, ટીવી પ્રોગ્રામ પ્રોડયુસર |
| ૨૨/૯/૧૭ | શુક્રવાર | ધાર્મિક વિભાગ અને પુજરીયો, આધ્યાત્મિક પ્રવચનકરતા , ભજન મંડળ આદિ |
| ૨૩/૯/૧૭ | શનિવાર | શિક્ષા વિભાગ, સ્કુલ કોલેજ નાં ટીચર પ્રોફેસર આદિ |
| ૨૪/૯/૧૭ | રવિવાર | મેડીકલ વિભાગ – ડોક્ટર, નર્સ, પેરેમેડીકલ સ્ટાફ, ફિઝીયોથેરાપીસ્ટ ઘાટકોપર મેડીકલ એસોસીએશન અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશનનાં ડોક્ટર આદિ |
| ૨૫/૯/૧૭ | સોમવાર | વ્યાપારી વર્ગ, વ્યાપારી જવેલર્સ આદિ |
| ૨૬/૯/૧૭ | મંગળવાર | યુવા / રાજનીતિ સંબંધિત અને સામાજિક પ્રભાગ – (રોટરી, લાયન્સ, લીયો ગ્રુપ, જૈન જાગૃતિ ગ્રુપ આદિ |
| ૨૭/૯/૧૭ | બુધવાર | બધા ભાષાઓનાં ગ્રુપ – ગુજરાતી, કચ્છી, સિંધી , હિન્દી, મરાઠી, બેંગાલી, ઓરિસા, તમિલ , તેલગુ, મલયાલમ, કન્નડ, આદિ |
| ૨૮/૯/૧૭ | ગુરુવાર | મહિલા વિભાગ અને બાળકો – મહિલા મંડળ નાં સદસ્ય અને મહિલા / બાળકો ની સંસ્થાથી જોડાયલા સદસ્ય અને અન્ય મહિલા / બાળકો ૧૦૮ કુમારીકાઓ દ્વારા આરતી |
| ૨૯/૯/૧૭ | શુક્રવાર | આરતી / પૂજાની થાળ સજાવવા ની સ્પર્ધા ૧૦૮ સૌભાગ્યવતી બહેનો અને એમના યજમાન દ્વારા આરતી |

આ ઝાંકી ની મુખ્ય વિશેષતા છે:

૧. દેવીના અદ્દભુત સ્વરૂપમાં રાજયોગ મેડીટેશન ના પ્રભાવે કલાકો સુધી સ્થિર બેસી રેહતી બ્રહ્માકુમારી બેહેનો.

૨. 'રાજયોગ' દ્વારા આજ ના યાંત્રિક યુગ માં તનાવપૂર્ણ જીવન થી મુક્તિ નો પરિચય આપતું એક પ્રદર્શન.

૩. તા. ૨૮.૦૯.૧૭ (અષ્ટમી) ના દિવસે ૩ થી ૮ વર્ષની ૧૦૮ બાલિકાઓ ને હસ્તે દેવીયોની આરતી ઉતારવાનો અનોખો કાર્યક્રમ રાખયો છે, જેની માટે બાલીકાઓએ તા. ૨૦-૨૫ સપ્ટેમબર સુધી રેજીસ્ટ્રેશન કરાવવું.

૪. સૌભાગ્યાવતી સ્ત્રીયો વચ્ચે આરતીની થાળી શણગારવાની હરીફાઈ તા. ૨૯ સપ્ટેમબર ૨૦૧૭ ના રાખવામાં આવી છે, જેનું રેજીસ્ટ્રેશન તા. ૨૦-૨૫ સપ્ટેમબર ૨૦૧૭ સુધી કરાવવું.

નવદુર્ગા ઝાંકી નું સ્થળઃ કક્કડ એસ્ટેટ, રાજાવાડી રોડ નં ૧, રાજાવાડી, ઘાટકોપર-પૂર્વ, મુંબઈ – ૭૭.

રજીસ્ટ્રેશન નું સ્થળઃ ૨૩/૨૪, શંકર છાયા, ૧૯, એમ.જી.રોડ, ઘાટકોપર-પૂર્વ, મુંબઈ – ૪૦૦ ૦૭૭.

ઝાંકીની તારીખઃ ૨૧ સપ્ટેમ્બર ગુરુવાર થી ૨૯ સપ્ટેમ્બર શુક્રવાર

ઝાંકી જોવાનો સમયઃ આંજે ૭ થી ૧૦ વાગ્યા સુધી. ફોન નં. - ૯૯૮૭૫૮૫૪૭૬/૩૩૮૭૪૧૪૨૨ (પ્રવેશ વિનામૂલ્ય)

# વોઈસ ઓફ ઘાટકોપરની સત્યમ શોપીંગ સેન્ટર ખાતેની ઓફિસના શુભારંભ નિમિત્તે... (પહેલા પાનેથી ચાલુ)








ખ્યાતી પ્રાપ્ત થયેલ છે અને લાયન્સનાં શતવાર્ષિક વર્ષમાં ૫૦ હજાર જેટલી જંબો છત્રી વિતરીત કરવામાં આવશે, આ હેઠળ લાયન્સ અને વોઈસ ઓફ ઘાટકોપરનાં સંયુક્ત નામ ધરાવતી પ્રથમ જંબો છત્રીનું તમામ મહાનુભાવોની હાજરીમાં અનાવરણ કરાયું હતું.

આ પ્રસંગે ગુર્જરમાત અને વોઈસ ઓફ ઘાટકોપરના જયંતભાઈ છેડા, જસ્મીના છેડા તથા ટીમ ઉપસ્થિત રહ્યાં હતાં. જસ્મીના છેડાનો જન્મદિવસ પણ તમામની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો.

લાયન્સ ક્લબ તરફથી ફાલ્ગુની દવે, જ્યોતિ ભુતા, ઉશાજી, સુધાજી, કવિતાજી, ભાવનાબેન, રેખા નંદુ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. વોઈસ ઓફ ઘાટકોપરનાં સંચાલક - જતીન કોઠારી, સિંજલ કોઠારી અને તેમના પરિવારને ઉપસ્થિતોએ ખુબ શુભેચ્છા આપી હતી. ગુરુભક્ત અને ટીમ પરાગ શાહનાં આગેવાન જય દેસાઈ, જયેશભાઈ, જાણીતા સમાજસેવક હિરાભાઈ હરીયા(વિધ્નનાશક), સત્યમ શોપીંગ સેન્ટરનાં ચેરમેન પ્રકાશભાઈ વસા(એલ્યુક્રાફ્ટ), ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એમ.વી.સંઘવી, પુનમસિંહ વગેરેએ પણ હાજરી આપી હતી. સપ્ટે.થી વોઈસ ઓફ ઘાટકોપરની ઓફિસ શરૂ થયા બાદ અનેક શુભેચ્છકોએ ફોન, એસએમએસ અને વોટ્સએપ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.











# ઘાટકોપર વિસ્તારનો સૌથી સુંદર બેન્ક્વેટ હૉલ

# સિદ્ધી વિનાયક બેન્કવેટ્સ






ઘાટકોપર વેસ્ટમાં એલબીએસ માર્ગ પર શ્રેયસ ગાર્ડન સામેના વિસ્તારમાં આવેલ સિદ્ધી વિનાયક બેન્કવેટ્સ શ્રેષ્ઠ લોકેશન પર આવેલ છે. કોઈપણ પ્રસંગ ઉજવવા માટે ઉત્તમ સગવડ સાથે બનાવવામાં આવેલ આ એક વૈભવશાળી હૉલ છે.
અહીં એક સાથે ૭૦૦થી વધુ લોકોનો પ્રસંગ યોજી શકાય છે.
૧૦૦થી લઈને ૭૦૦ લોકો સુધીના નાના મોટા વિવિધ ફંક્શનો ઉજવવા માટેનો શ્રેષ્ઠ બેન્કવેટ





- બેસ્ટ સર્વિસ
- બેસ્ટ કનેક્ટીવીટી
- વેલે પાર્કિંગની સુવિધા
- ઉજવો બર્થ-ડે પાર્ટી
- બિઝનેસ કોન્ફરન્સ
- બિઝનેસ મિટીંગ
- વેડીંગ
- એન્ગેજમેન્ટ
- એક્ઝિબીશન
- સેમિનાર
- ગેટ-ટુગેધર
- રીયુનિયન

## બેસ્ટ કનેક્ટીવીટી :

સિદ્ધી વિનાયક બેન્કવેટનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે કનેક્ટીવીટી. ઘાટકોપર વેસ્ટમાં એલબીએસ માર્ગ પર શ્રેયસ ગાર્ડન વિસ્તાર ખુબ પ્રખ્યાત છે. અહીં આવવા માટે થાણા, મુંબઈ, નવી મુંબઈ, અંધેરી, ચેમ્બુરથી ગણતરીની જ મિનીટોમાં અહીં પહોંચી શકાય છે. કારણકે આ બધા રૂટ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ફ્રી વે થી જોડાયેલા હોવાથી ટ્રાફિકની સમસ્યા નડતી નથી.

## સંપર્ક : સિદ્ધી વિનાયક બેન્કવેટ્સ

શ્રેયસ ગાર્ડનની સામે, એલબીએસ માર્ગ, ઘાટકોપર(વેસ્ટ), મુંબઈ.

**Ph.: 022-25000400, Mob.: 8097867595**

**ચંદ્રેશ પારેખની કલમે....**



# તમારું કુટુંબ સુખી છે?

મારાં કેટલાંક ઓળખીતાં ભાઈબહેનોની સુખસમૃદ્ધિથી હું સુપેરે પરિચિત છું. કેટલાંકના આચારવિચારમાં જીવન જીવવાના સાચા આનંદનો અનુભવ મને દેખાય છે. એટલે મારા મનમાં કેટલાક પ્રશ્નો જાગે છે. શું એ સુખસમૃદ્ધિ તેમનું ખરુ જીવન પ્રતિબિંબિત કરે છે કે પોકળ દેખાવ માત્ર છે ? તેઓ અને તેમનું કુટુંબ ખરેખર સુખી છે ? તેઓ અને તેમનાં આપ્તજનો જીવન જીવવાનો ખરો આનંદ માણે છે ? તેઓ ખરેખર પોતાના કુટુંબને કેવી રીતે સુખી બનાવી શકે છે ?

એક, પ્રાર્થના - સુખી કુટુંબજીવનનો અનિવાર્ય ભાગ છે દૈનિક પ્રાર્થના. કુટુંબના સૌ સભ્યો ભગવાનને પોતાના કુટુંબના નાયક કે કુળદેવતા તરીકે સ્વીકારે છે. આદરભક્તિ કરે છે. કુટુંબનો દરેક સભ્ય સવારે ઊઠે ત્યારે બધા સાથે કે એકલા પોતાનો દિવસ અને પોતાના સૌ આચારવિચાર ભગવાનને ચરણે સમર્પે છે અને પોતાને માટે, કુટુંબના સભ્યો માટે તથા સમાજ ને રાષ્ટ્ર માટે ભગવાનની કૃપા ને આશિષ યાચે છે. સુખી કુટુંબના રોજના ભોજન જેટલો અગત્યનો ભાગ છે દૈનિક પ્રાર્થના. સામાન્ય રીતે રોજની પ્રાર્થના માટે ઘરની ચોક્કસ ઓરડી કે અલાયદી જગ્યા હોય છે. ત્યાં રોજના ક્રમ મુજબ નિયત સમયે ભક્તિગીતથી પ્રાર્થના શરૂ કરી શકાય. ગીતા, બાઈબલ જેવા પવિત્ર ગ્રંથોના પાઠ, ધ્યાનમનન વગેરે રોજની પ્રાર્થનાના ભાગો બની શકે છે.

બાળકોને માબાપ પ્રાર્થના શિખવાડે છે અને એમની ઉંમર પ્રમાણે રોજની પ્રાર્થનાના અમુક ભાગમાં કે સમગ્ર પ્રાર્થનામાં ભાગ લેવડાવે છે. કેટલાંક માબાપ પોતાનાં સંતાનો પાસે જ પવિત્ર ગ્રંથોમાંથી પાઠ વાંચવામાં આગેવાની લેવડાવે છે. પાંચ-સાત મિનિટની મૌન પ્રાર્થના પણ રોજની પ્રાર્થનાનો ભાગ થઈ શકે છે. આ મૌન પ્રાર્થના દરમિયાન દરેક સભ્ય પોતાના પર કે કુટુંબ પર પ્રભુએ વરસાવેલા અનુગ્રહાશિષ માટે ભગવાનનો આભાર માની શકે છે. ભગવાનની સ્તુતિ કરી શકે છે. ભૂલો માટે ભગવાન પાસે ને એકબીજા પાસે ક્ષમા-માફી પણ માગી શકે છે.

બે, કૌટુંબિક સમૂહ ભોજન. કુટુંબમાં માબાપ અને બાળકોએ સાથે જમવું એ એક સુખી કુટુંબનું લક્ષણ છે. કુટુંબના સભ્યો બધા સાથે જમીને કૌટુંબિક એકતા પ્રગટ કરે છે. એટલે સુખી કુટુંબના સભ્યો સાથે ભોજન લેવાની રીતનો આગ્રહ રાખે છે. સવાર, બપોર ને સાંજ દરેક વખતે સાથે જમવાનું બધા સભ્યો માટે શક્ય ન હોય તો ઓછામાં ઓછું રોજ એકાદ ભોજન બધાં સાથે બેસીને આરામ ને ઉલ્લાસથી લઈ શકે તો સારું છે. દિવસના કામધંધાથી પરવાર્યા પછી સાંજે ઘેર આવીને બધા સભ્યો સાથે ભોજન લઈ શકે છે. આ પ્રકારનાં કૌટુંબિક ભોજન દરમિયાન આનંદ-ઉલ્લાસનું વાતાવરણ હોય એ અંગે બધા સભ્યોએ સભાન રહેવાની જરૂર છે. વાતચીત આનંદ અને કદરની હોય એ ઈચ્છનીય છે. કોઈ સભ્ય પર આરોપ મૂકવાનું કે નિંદનીય વાત કરવાનું બધા ટાળે છે. ભોજનની કે અન્ય બાબતોની ટીકાટિપ્પણીથી બધા સભ્યો દૂર રહે છે.

ત્રણ, સંવાદ. સુખી કુટુંબમાં હંમેશાં એકતા અને આનંદ હોય છે. એ એકતા અને આનંદને પોષનાર બાબત છે સંવાદ. રોજબરોજના કૌટુંબિક જીવનમાં સૌ સભ્યો સાથે મળીને વાતચીત કરવા માટે સમય ફાળવવામાં આવે છે. સાંજના કૌટુંબિક ભોજન પછી બધા સાથે મળીને ભોજનસ્થળ અને વાસણની સાફસૂફી કરે. ત્યાર પછી બધા એકાદ કલાક સાથે બેસીને આરામથી કુટુંબના બધા સભ્યો સાથે વાતચીત કરી શકે છે.

આ પ્રકારના રોજના કૌટુંબિક સંવાદ દ્વારા રોજના સુખદુઃખની વાત કરે છે અને એકબીજાને પ્રેરણા અને માર્ગદર્શન આપે છે. કુટુંબના આત્મીય વાતાવરણમાં એકબીજાના આચારવિચારનો વિનિમય કરે છે. દિવસના સુખદુઃખના અનુભવોની બધા સાથે ચર્ચા કરે છે. કૌટુંબિક સંવાદમાં બધા સાથે કૌટુંબિક યોજનાઓ, કૌટુંબિક કાર્યક્રમો તેમજ સમાજ અને ધર્મની વાતો અંગે બધા ખુલ્લા મનથી ચર્ચાવિચારણા કરે છે.

ચાર, વિશ્વાસ. સુખી કુટુંબનું ચોથું લક્ષણ છે કુટુંબના સભ્યોનો અરસપરસનો ભરોસો કે વિશ્વાસ. પતિએ પત્ની પર અને પત્નીએ પતિ પર તેમજ માબાપે સંતાનો પર અને સંતાનોએ માબાપ પર પૂરો વિશ્વાસ રાખવાથી એક કુટુંબમાં સૌ સભ્યોને સુરક્ષાનો અનુભવ થાય છે. કુટુંબમાં દરેક સભ્ય બીજા બધા સભ્યોનો વિશ્વાસપાત્ર બને એ રીતે આચારવિચાર કરે છે અને વિશ્વાસભંગ થાય એવી પ્રવૃત્તિઓ, સોબતો અને એવા સંજોગોથી દૂર રહે છે. કોઈ કારણસર એ ભરોસામાં વિઘ્ન આવ્યું હોય તો એવાં વિઘ્નોને દૂર કરવા અને ભરોસાપાત્ર રીતે વર્તવા એ સભ્ય પ્રયત્ન કરે છે.

ઘણી વાર કુટુંબના સભ્યોનાં કાર્યક્ષેત્ર ભિન્નભિન્ન હોય છે અને જાતજાતના લોકો સાથે કામ કરવાનું હોય છે. એટલે કોઈક વાર કુટુંબના સભ્યો એકબીજા પર શંકાકુશંકાઓ સેવે અને એકબીજા પર મૂકેલા ભરોસાની કસોટી થાય. અગ્નિપરીક્ષા થાય. આવા વખતે શંકાકુશંકાઓ રાખી સામેની વ્યક્તિને 'રંગેહાથ' પકડવાની તક શોધવાને બદલે કુટુંબના કોઈ સભ્ય અંગે શંકા થાય ત્યારે કૌટુંબિક સંવાદથી કે ખાનગી રીતે શંકા અંગે વિચારોની આપલે કરી શંકાને દૂર કરે છે અને એ રીતે અરસપરસના ભરોસાને વધુ દૃઢ અને મજબૂત બનાવે છે.

પાંચ, આદરમાન અને વ્યક્તિસ્વાતંત્ર્ય. સુખી કુટુંબમાં નાનામોટા સૌ સભ્યો એકબીજા સાથે આદરથી વર્તે છે. દરેક વ્યક્તિ સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવે છે એનો સ્વીકાર કરે છે. એટલે સીધી કે આડકતરી રીતે એક સભ્ય બીજા સભ્ય પર વર્ચસ્વ કે આધિપત્ય જમાવવા પ્રયત્ન કરતો નથી. એકબીજા પર આધિપત્ય જમાવવાના પતિ કે પત્નીના પ્રયત્નથી ઘણાં આશાસ્પદ કુટુંબો તૂટતાં મેં જોયાં છે. કુટુંબના સૌ એકબીજાનો આદર કરે છે. એનો અર્થ એ નથી કે તેઓ એકબીજાની ભૂલોને પણ સ્વીકારે છે. કુટુંબના સભ્યો પ્રેમ ને માનથી એકબીજાથી ભૂલો તરફ આંગળી ચીંધે છે અને શક્ય હોય ત્યાં ભૂલો સુધારવા મદદ પણ કરે છે. પતિ-પત્નીનો પરસ્પરનો આદર જોઈને બાળકો પણ પોતાનાં માબાપ પ્રત્યે, એકબીજા પ્રત્યે આદરમાનથી વર્તવા પ્રેરણા અને પ્રોત્સાહન મેળવે છે.

છ, અંગત અને સામૂહિક જવાબદારી. સુખી કુટુંબમાં સૌ સભ્યો પોતપોતાની અંગત અને સામૂહિક જવાબદારીનો સ્વીકાર કરીને તે અદા કરે છે. કુટુંબમાં અમુક સભ્યોના માથે બધી જ જવાબદારીઓ હોય અને બીજા સભ્યો આરામથી ખાઈ-પીને મજા કરે એવું હોય તો એ કુટુંબ સુખી નથી. તેવા કુટુંબમાં ફરિયાદ અને કજિયાકંકાસ જ શાસન કરતાં હોય છે. પણ સુખી કુટુંબમાં સૌ સભ્યો પોતાની આવડત, શક્તિ અને સમય પ્રમાણે કૌટુંબિક કામકાજમાં પૂરો સાથસહકાર આપે છે. કુટુંબનો દરેક સભ્ય પોતપોતાની અંગત જવાબદારી પૂરી નિષ્ઠાથી અદા કરીને કુટુંબનો આધાર બને છે. અને સામૂહિક જવાબદારીમાં પોતાની શક્તિ અને સમયનો પૂરો ફાળો આપે છે.

સુખી કુટુંબમાં કૌટુંબિક આવક અને ક્ષમતા પ્રમાણે દરેક સભ્યને કોઈ જ ભેદભાવ વિના બધી કૌટુંબિક સવલતો મળે છે. એવાં કુટુંબમાં અમુક સભ્યો વધારે કમાય કે ઓછું કમાય તેથી કોઈ ફેર પડતો નથી. બધાની આવક તો કૌટુંબિક આવક છે અને એ કૌટુંબિક આવકમાંથી બધાને પોતપોતાની જરૂરિયાત પ્રમાણે મળે છે. એવા કુટુંબમાં ન કમાતી અને બેકાર હોય એવી વ્યક્તિ માટે પણ કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી.

સાત, ધનદોલતનો યોગ્ય ઉપયોગ. સુખી કુટુંબના સભ્યો પોતાની ધનદોલતનો યોગ્ય ઉપયોગ કરે છે. તેઓ ધનદોલતના વિનિમયમાં વધુ પડતી કંજૂસાઈ કે દુરુપયોગ કરતા નથી. કુટુંબ માટે તેમજ દરેક સભ્ય માટે જરૂર હોય એટલો ખર્ચ કરવામાં કુટુંબના સભ્યો આનાકાની કરતા નથી. તેમજ ગરીબોને મદદ કરવામાં તથા ધાર્મિક અને અન્ય સત્કાર્યો માટે ફાળો આપવામાં પોતાની શક્તિ પ્રમાણે ઉદારતાથી બધા મદદ કરે છે.

આઠ, આગતાસ્વાગતા. સુખી કુટુંબમાં મહેમાનોને હંમેશાં આવકાર મળે છે. કુટુંબના સૌ સભ્યોનો પરસ્પરનો આદર અન્ય સગાંસંબંધીઓ અને બીજા મહેમાનો પ્રત્યેના આદરમાનમાં પણ પરિણમે છે. એટલે કુટુંબમાં કોઈ સગાંસંબંધી કે મહેમાન આવે ત્યારે તેમનો આદરસત્કાર સૌ સભ્યો અંતરના ઉમળકાથી કરે છે અને કુટુંબના આનંદમાં મહેમાનોને પણ ખરા દિલથી ભાગીદાર બનાવે છે. મહેમાનોની આગળ મીઠી વાતો અને એમના ગયા પછી એમની ટીકા એ સુખી કુટુંબનું લક્ષણ નથી. સુખી કુટુંબમાં માબાપ ને અન્ય વડીલોને આંગણે આવેલ મહેમાનોને ઉમળકાથી આવકારતા જોઈ બાળકો પણ પરોણાચાકરી શીખે છે. સુખી કુટુંબ પોતાની પાસે સગવડ ન હોય તોપણ પોતાનાં સગાંસંબંધીઓ અને મહેમાનોનું પૂરા ઉમળકાથી સ્વાગત કરે છે. કુટુંબમાં હોય એવી બધી સગવડો મહેમાનને ધરી પોતે અગવડ વેઠીને પણ મહેમાનગીરી બજાવે છે.

નવ, પ્રશ્નનો સ્વીકાર. માણસના જીવનમાં પ્રશ્નો હોય છે જ. અને એમાં કૌટુંબિક જીવનમાં પ્રશ્નોનો તોટો નથી. કૌટુંબિક પ્રશ્નોને નકારવાને બદલે કે પ્રશ્નો સામે પલાયનવૃત્તિ અપનાવવાને બદલે સુખી કુટુંબના સભ્યો પોતાના કૌટુંબિક પ્રશ્નોનો સ્વીકાર કરે છે અને સામૂહિક રીતે પ્રશ્નોનો ઉકેલ શોધે છે. જે પ્રશ્નોનો ઉકેલ ના જ હોય એવા પ્રશ્નોની ઉપેક્ષા કરવાને બદલે કુટુંબના સૌ સભ્યો સાથે મળીને એકબીજાને ટેકો કરીને પ્રશ્નો સાથે ખુશીથી જીવે છે.

દસ, સારાનરસાનું શિક્ષણ. સુખી કુટુંબ એના બધા સભ્યો માટે અને વિશેષ તો તે કુટુંબનાં બાળકો માટે એક આદર્શ વિદ્યાકેન્દ્ર છે. જ્યાં સારાનરસા ને ખરાખોટાનું શિક્ષણ મળે છે. સુખી કુટુંબનાં માબાપ મુખ્ય બાબતોમાં એકદિલ અને એકમન હોય છે. કુટુંબ, સમાજ અને ધર્મને સ્પર્શતી અગત્યની બાબતોમાં ચોક્કસ માર્ગદર્શન આપે છે. જીવન જીવવાનાં સાચાં મૂલ્યો અને વલણો આપીને તેમજ પરંપરાગત કૌટુંબિક અને ધાર્મિક સંસ્કારોથી નવાજીને માબાપ પોતાનાં બાળકોને ખરાખોટા અને સારાનરસાનો પાઠ શિખવાડે છે. બાળકો ભૂલ કરે ત્યારે તેમને પ્રેમથી સુધારવાથી ખોટી બાબતોને સાચી માનવાની ભૂલ તેઓ કરશે નહીં. બાળકોમાં બાળપણથી જ સિંચેલા માનવીય મૂલ્યો અને ધાર્મિક સંસ્કારો એક દીવાદાંડીની જેમ જીવનભર તેમને દોરશે.

અહીં મેં સુખી કુટુંબની દસેક લાક્ષણિકતાઓની ટૂંકી ચર્ચા કરી છે. દરેક કુટુંબની જીવનશૈલીમાં પોતપોતાની આગવી રીત હોય છે, છતાં અહીં ચર્ચેલી મૂળભૂત બાબતો પોતપોતાની રીતે બધાં સુખી કુટુંબોના પાયામાં જોવા મળશે જ. એટલે ટોલ્સ્ટોયે કહ્યું છે કે, 'સુખસમૃદ્ધિ માણતાં બધાં કુટુંબોમાં કેટલાંક સર્વસામાન્ય લક્ષણો હોય છે.' તમારુ કુટુંબ સુખી છે ? કૌટુંબિક સુખસમૃદ્ધિમાં આ સામાન્ય લક્ષણો તમારા કુટુંબમાં જોવા મળે છે ?

# સિદ્ધિ સાંઈ ઈમારતનાં વિસ્થાપિતોને ભાંડુપ ખાતે રહેવા માટે ભાડા પર ઘર અપાયા





કિરીટ સોમૈયાનાં હસ્તે ટચાવી આપવામાં આવી હતી. ભાંડુપમાં માનવ એસ.આર.એ. ગૃહનિર્માણ સંસ્થા આ યોજના હેઠળ તેમને ઘર આપવામાં આવેલ છે.



ઘાટકોપર પશ્ચિમમાં આવેલ સિદ્ધિ સાંઈ ઈમારત ૨૫ જુલાઈનાં અચાનક તૂટી પડી હતી, તેના ૧૪ વિસ્થાપિત પરિવારોને બે વર્ષ માટે ભાંડુપ ખાતે ભાડેથી રહેવા માટે મકાન આપવામાં આવશે તેવી જાહેરાત મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી હતી. ગુરુવાર તા.૧૪ સપ્ટેમ્બરનાં ૧૪માંથી સાત પરિવારને સાંસદ

## પરમ પ્રમાણ દર્શન....સ્વામી નિંજાનંદ સરસ્વતી

## શ્રીમદ્ ભગવદ ગીતા (અધ્યાય-૬) શ્લોક-૧૭



આ અધ્યાયમાં ભગવાને સ્થાન આસન સ્થિર શરીર અપરિગ્રહ વગેરે બહિરંગ સાધનાની વાત કરી પછી અંતરંગ સાધનાની વાત કરી વળી પાછી ૧૬ અને ૧૭માં શ્લોકમાં બહિરંગ સાધનાની વાત કરે છે. તો પ્રશ્ન થાય કે ભગવાન આવુ કેમ કરે છે. પહેલા બધાજ બહિરંગ સાધનોની વાત કરી પછી જ બધા અંતરંગ સાધન કહેવા જોઇએ. તો તેનો ઉત્તર છે કે જ્યારે બહિરંગ સાધના કરતા હોઇએ એ ઇન્દ્રિય સંયમ માટે છે. એ રીતે આપણી જીવનશૈલી થઇ જવી જોઇએ. તો જ અંતરંગ સાધના કરીએ ત્યારે વિષય ચિંતન ન થાય. જ્યાં સુધી ઇન્દ્રિય સંયમિત ન થાય ત્યાં સુધી ધ્યાન કરતાં વખતે વિષય ચિંતન થાય તો ધ્યાનનું ફળ મળતુ નથી. બહિરંગ સાધના અને અંતરંગ સાધના બન્ને એક બીજાના પુરક છે એકબીજાનાં સહાયક છે. બહિરંગ સાધનાથી અંતરંગ સાધના કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે અને અંતરંગ સાધનાથી બહારની સાધનામાં દૃઢતા આવે છે. ઇન્દ્રિય સંયમ અને મનનો સંયમ એટલે શમ્ દમ્ બન્ને સાધના ધ્યાન યોગની સફળતા માટે આવશ્યક છે. આ શ્લોકમાં યોગીને આહાર વિહાર ના નિયમનું માર્ગદર્શન આપ્યુ છે. શ્લોકાર્થ :- અતિશય વધારે ખાનારને કે બિલકુલ ન ખાનાર ને ધ્યાનયોગમાં સફળતા મળતી નથી વળી વધારે ઉંઘવુ કે વધારે ખાનારને કે બિલકુલ ન ખાનાર ને ધ્યાનયોગમાં સફળતા મળતી નથી. વળી વધારે ઉંઘવુ કે વધારે અંર્તમુખ રહી પોતાના મનોરાજ્યમાં રાચવુ અથવા વધારે પડતુ જાગવુ કે સતત બહિર્મુખ રહેવુ આવા સાધકને ધ્યાનયોગમાં સફળતાં મળતી નથી. ધ્યાનયોગમાં સફળતા માટે દિવસ દરમ્યાન કેવો વહેવાર કરવો તેનો સ્પષ્ટ નિર્દેશ અહિ ભગવાને આપ્યો છે કે અભ્યાસુએ અતિ કંઇ ન કરવુ. અતિ હંમેશા વર્જ્ય છે. દુઃખદાયક છે. આ સમજવા માટે એક શ્લોક છે. જેનો અર્થ છે કે અતિરુપવાન હોવાથી સીતાનુ હરણ રાવણ કરી ગયો જેથી સીતા દુઃખી થયા દરેક બાબતનો અતિ ગર્વ કરવાથી રાવણ રામના હાથે હણાયો. અતિદાનને લીધે બલિરાજા પાતાળમાં બંધાયા માટે અતિ સર્વત્ર ત્યાગ કરવા યોગ્ય છે. શારિરિક સ્વાસ્થય જળવાય અને શરીરની કાર્યક્ષમતામાં વધારો થાય એટલુ ખાવું જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે અર્ધુ પેટ અન્નથી ભરો ૧/૪ પેટ પાણીથી ભરો ૧/૪ પેટ ખાલી રાખો જે ખોરાક પચાવવા પ્રાણ હલન ચલન કરી શકે. વધારે પડતા ઉપવાસ કરવાથી પણ મન ઉંડા વિચાર કરી શકતુ નથી કંઇક કરી બતાવવાનો માર્ગ એ આધ્યાત્મિક પ્રગતિ નથી પણ જે વાસ્તવિકતા છે એને જોવુ એ આધ્યાત્મિ છે.... ક્રમશ

સંકલન : મધુબેન ઠાકર - ૯૭૬૯૧૯૫૧૯

આગામી વર્ગની માહિતી : (૧) ભગવદ્ ગીતા : પ. પૂ. સ્વામિ નિંજાનંદ સરસ્વતી, શનિવાર તા. ૧૭-૯-૨૦૧૭ સવારના ૭ થી ૮.૧૫, સ્થળ : બ્રાહ્મણ સમાજ ભવન, જોષી લેન, ઘાટકોપર (ઇ). (૨) વિષ્ણુ સહસ્ત્રનામ યોગ : પ. પૂ. સ્વામિની સત્પ્રિયાનંદજી, રવિવાર તા. ૧૮-૯-૨૦૧૭ સવારના ૭.૧૫ થી ૮.૩૦, સ્થળ : બ્રાહ્મણ સમાજ ભવન, જોષી લેન, ઘાટકોપર (ઇ).

સંપર્ક : શ્રી નવીનભાઇ આથા : ૯૩૨૨૨૮૩૦૧૩, શ્રી જીતુભાઇ મહેતા : ૯૮૯૨૦૨૮૭૭૭

# વિશ્વ ગુજરાતી દિનના ઉપલક્ષ્યમાં ક.જે.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયમાં યોજાયો 'ગુર્જરી વાનગી વૈભવ'









તા.૨૪ ઑગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી દિનની ધમાકેદાર ઉજવણી બાદ આ દિનના ઉપલક્ષ્યમાં ગુજરાતીઓને જલસો કરાવવા ઘાટકોપર-વિદ્યાવિહારની ક.જે.સોમૈયા કલા અને વાણિજ્ય મહાવિદ્યાલયમાં તા.૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારના રોજ સ્વાદપ્રિય પ્રજાને જલસો કરાવતાં 'ગુર્જરી વાનગી વૈભવ'નું આયોજન મહાવિદ્યાલયના એલ.સી.આર.માં સવારે ૧૦ થી બપોરે ૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

મહાવિદ્યાલયના પ્રાચાર્યા ડૉ. સુધાબેન વ્યાસના વરદહસ્તે આ વાનગી વૈભવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં આ વર્ષે મૂળ ગુજરાતી વાનગીઓને વિવિધ જુદા ફ્યુઝન સાથે રજૂ કરવામાં આવી હતી. જેમાં આ વર્ષે મસાલેદાર મગ-ખાખરા, ચટાકેદાર જામનગરી ઘુઘરા, વાટીદાળના ઢોકળાં, કચ્છી દાબેલી, જલેબી રબડી, છોલે બાસ્કેટ, હાંડવા, બાસુંદી, રાઈસ પકોડા, ફાયર પાન, રજવાડી ગોલા તથા શરબત વગેરેના સ્ટોલ મૂકાયા હતા. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે દરેક સ્ટોલ વિદ્યાર્થીઓ પોતે લગાડતાં હોઈ તે વાનગી તેઓ જાતે ઘરેથી બનાવીને લાવતાં હોય છે તો અમૂક વાનગી સામે તૈયાર કરીને આપતાં હોય છે. આ ઉપક્રમ યોજવા પાછળનો હેતુ જણાવતાં પ્રાચાર્યા ડૉ. સુધાબેન વ્યાસે જણાવ્યું હતું કે, મુંબઈની અંદર મહાવિદ્યાલયમાં આ પ્રકારનો ઉપક્રમ અમારી મહાવિદ્યાલયથી જ શરૂ થયો છે. જેમાં અનેક વિવિધભાષી લોકો આવી ગુજરાતની વિવિધ પ્રદેશની વિવિધ વાનગીઓને માણે છે. આ પ્રકારના કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં કંઈક જુદું કરવાનો ઉત્સાહ તો જોવા મળે જ છે. સાથોસાથ તેમનામાં રહેલી પાકકળાનો પણ વિકાસ થાય છે. ઉપરાંત આ ઉપક્રમમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિની સાથે સહભાગ લેતા હોઈ સ્ત્રીઓ જ માત્ર રસોડાની અધિકારી છે એ ભાવ પણ વિદ્યાર્થીઓમાંથી દૂર થઈ સમાનતાનો ગુણ વિકસે છે.

આ ગુર્જરી વાનગી વૈભવમાં વિવિધ ગુજરાતી વાનગીની લૂફ્ત ઉઠાવવા દર વર્ષે ૧ દિવસમાં લગભગ ૭૦૦થી વધુની સંખ્યામાં સમગ્ર મુલુન્ડ-ઘાટકોપરમાંથી સ્વાદપ્રેમી જનતા તેમજ વરિષ્ઠ નાગરિક મંડળના સભ્યો પણ ઊમટી પડતાં હોય છે. આ કાર્યક્રમને દર વર્ષની જેમ આ વર્ષે પણ અનોખી સફળતા મળી હતી. જેનો શ્રેય મહાવિદ્યાલયના પ્રાચાર્યા, પ્રાધ્યાપક પ્રીતિ દવે તેમજ સહભાગી દરેક વિદ્યાર્થીઓને ફાળે જાય છે.

- સાગર ચોટલિયા




Printed, Published, Owned & Edited by **Jayant Visanji Chheda** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
and Published from 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. **TeleFax : 25688297 • E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**